જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૨/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી ૬૨ લીટર દેશી દારૂ, ૩૬૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૮,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪૫/૧૬**

**પાલડીઃ** ચંદનકુમાર શિવઅન્ના ડી (રહે.જે બી આર આર્કેડ સોલા) એ તા.૩/૨/૧૬ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૮/૨૦૧૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) હીમાન્શુ પ્રફુલચંદ્ર વારીયા (રહે. અસાવરી ટાવર ઈસ્કોન મંદિર પાસે સેટેલાઈટ) અને (૨) કેન બેન્ક ફેક્ટરના બ્રાન્ચના મેનેજર દીપક ગુપ્તા એ ભેગા મળી પાલડી મહાલક્ષ્મી ચાર રસ્તા શિવાલીક ઓફીસ નંબર ૩૦૩ ખાતેથી બેન્કમાંથી સોમનાથ મેટલ થતા આર્યન સ્ટેનલેશ પ્રા.લી.ના ખોટા સહી સીક્કાવાળા લેટરો, ખોટા બીલ અને ખોટા ચલણોનો સાચા તરીકે ઉપયોગ કરી વિશ્વાસ કેળવી રૂપિયા ૫,૪૨,૫૦,૦૦૦/- લોન મેળવી, લોન ભરપાઈ નહી કરી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી એ જી ગોહિલ ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪૬/૧૬**

**વટવાઃ** રવિન્દ્રનાથ મીહીરલાલ ગાયન (રહે.મુરલીધર વિભાગ-૩ ઈસનપુર વટવા) એ તા.૩/૨/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી સુસ્મિતા (ઉ.વ.૨૬) ને આરોપી અગરદીપ ત્રીદીપ રોય (રહે.પુજન એપાર્ટમેન્ટ તપોભુમી ટેનામેન્ટ પાસે વિશાલનગર ઈસનપુર) સાથે લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો અને આગરદીપ રોય એ વિદેશ જવાનુ કહી રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- ની માંગણી કરતા તા.૨૭/૧/૧૬ નારોજ પોતાની પુત્રી સુસ્મિતાએ પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી બી જી વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૭/૧૬**

**વટવાઃ** અશોકભાઈ ખુમાજી મોદી (રહે. જલધારા સોસાયટી વટવા રોડ ઈસનપુર) એ તા.૩/૨/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧/૧૬ સાંજના ૫/૦૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન વટવા ઈસનપુર રોદ પુષ્પમ કોમ્પલેક્ષ રોનક પેલેસનામની પોતાની દુકાનમાંથી સોનાના દાગેના કિમત રૂપિયા ૧,૯૫,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એચ સી ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૪૮/૧૬**

**રીવરફ્રંટ વેસ્ટઃ** ઉપેન્દ્ર વિનોદભાઈ પરમાર (ઉ.વ.૧૯) (રહે.વિઠ્ઠલનગર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૩/૨/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચીમ તરફના છેડે રીવરફ્રંટ પોઈન્ટ નંબર-૩ નજીક નદીમાં પદતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)